# <u>ગીર સોમનાથ સરસ મેળો – ૨૦૨૪</u>




- ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત દેશના વિવિધ રાજ્યો તથા ગુજરાત રાજ્યના ગ્રામીણ મહિલા સ્વસહાયજૂથો દ્વારા ઉત્પાદિત કરવામાં આવતી અલગ અલગ કેટેગરી જેવી કે હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, ફૂડ પ્રોડક્ટ, માટીકલા, ભરતકામ, ચિત્રકલા, વિશિષ્ટ કલાકારી વિવિધ વસ્તુઓના વેચાણ **અર્થે** સ્વસહાયજૂથો (સખીમંડળો)ને બજાર વ્યવસ્થા પૂરી પાડી તેમને આત્મનિર્ભર બનાવવા અને તેમનું સશક્તિકરણ કરવાના શુભ આશયથી **સોમનાથ ખાતે તારીખ 12 ઓગસ્ટ ૨૦૨૪ થી ૨૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી સોમનાથ ખાતે** ર**સસ** મેળાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કુલ ૫૦ સ્ટોલ હશે. તેનાથી ગુજરાતની આ ગ્રામીણ મહિલા સ્વસહાયજૂથો આત્મનિર્ભર બની આપણા લોક લાડીલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના તેમજ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના આત્મનિર્ભર ભારતના સપના ને સાકાર કરશે .
- મહિલાઓના સર્વાંગી સશક્તિકરણ માટે ગ્રામ વિકાસ વિભાગ હેઠળની ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી.(મિશન મંગલમ) દ્વારા સ્વ સહાય જૂથોને દરેક પ્રકારની તાલીમ,સહાય, અને પ્લેટફોર્મ આપી તેમને કાયમી આજીવિકા અપાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે તેનાથી આ તમામ બહેનો અને તેમના પરિવારોની આર્થિક પરિસ્થિતિ જ નહિં સામાજિક પરિસ્થિતિમાં પણ બહુ મોટો બદલાવ આવશે. અને તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે "સરસ મેળો ".

- ભારત સરકાર સાથે રાજ્ય સરકારે મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે તેમને વિવિધ પ્રકારની કૌશલ્ય તાલીમો આપી/નાણાંકીય સહાય અપાવી તેમના દ્રારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે બજાર સાથે જોડીને તેઓને આગળ ધપાવવા માટે વિવિધ યોજના થકી વિકાસલક્ષી પ્રવૃત્તિઓ આગળ વધારવામાં આવી રહેલ છે. અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ મિશન મંગલમ યોજના થકી ગ્રામીણ સ્વસહાયજૂથોની બહેનો આજે વિવિધ ક્ષેત્રે ઝંપલાવી સ્થાનિક બજારો ઉપરાંત, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મેળાઓ થકી કરોડોનું ટર્ન ઓર્વર પ્રાપ્ત કરી નારી શક્તિને સમાજ માં ઉજાગર કરવાનો શ્રેષ્ઠ પ્રયત્ન કરી રહ્યા છે .